# અરવલ્લી નિવાસી અધિક કલેક્ટરની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

## મહેસૂલ, પુરવઠા, ઈ-ધરાના કામોની સમીક્ષા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

અરવલ્લી જિલ્લા નિવાસી અધિક કલેક્ટર પ્રદીપસિંહ રાઠોડની અધ્યક્ષતામાં ગત રોજ કચેરીના સભાખંડમાં મહેસૂલ, પુરવઠા, ઈ-ધરા તેમજ શિરસ્તેદારના કામોની માસિક સમીક્ષા અંતર્ગત બેઠક યોજવામાં આવી હતી. જેમાં જિલ્લા તેમજ તાલુકાની કચેરીઓમાં ચાલતા તમામ કામોની ડેટાએન્ટ્રી કરી કામોની ઝડપથી અમલવારી કરવા માટે અધિકારી-કર્મચારીઓને તાકીદ કરવામાં આવી હતી. કામોની સમીક્ષા બેઠક દરમ્યાન મહેસૂલ, પુરવઠા અને ઈ-ધરાના મામલતદાર સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



જિલ્લાના તમામ તાલુકાઓમાં બાકી રહેલ કામોનો ઝડપથી નિકાલ થાય, મહેસૂલ અને પુરવઠા વિભાગના ઘણા સમયથી બાકી રહેલા કામો પૂર્ણ થાય તે માટે યોજાયેલી સમીક્ષા બેઠકમાં જિલ્લા નિવાસી અધિક કલેક્ટરે ઉપસ્થિત તમામ અધિકારીઓને કામો પૂર્ણ કરવા માટે સૂચના આપી હતી. આ ઉપરાંત કોરોનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવારોને સહાય સબંધી અરજીઓનો ઝડપથી નિકાલ, એન.એફ.એસ.એ. કાર્ડ લાભાર્થીઓની સબંધિત કામગીરી, સમાજ સુરક્ષા વિભાગમાં ચાલતી વયવંદના, નિરાધાર વૃદ્ધ સહાય, સંકટ મોચન, ગંગા સ્વરૂપા સહિતની સરકારી યોજનાઓની સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપવા સાથે ઈ-ધરા કેન્દ્રો ખાતે તકરારી, હક્કપત્રક નોંધોની અરજીનો નિકાલ કરવા સૂચના આપી હતી. બેઠકમાં જિલ્લાના ડેપ્યુટી કલેક્ટર, નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી તેમજ મોડાસા, ભિલોડા, બાયડ, માલપુર અને મેઘરજ મામલતદાર સહિત પુરવઠા વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કુશ્કી પ્રાથમિક શાળામાં વૃક્ષોનું વિતરણ કરાયું

ભિલોડા,તા.૧૩

સુર્યા ફાઉન્ડેશન આદર્શ ગ્રામ યોજના અંતર્ગત કુશ્કી ગામની પ્રાથમિક શાળામાં વૃક્ષોનું વિતરણ કરાયું હતું.દરેક વિદ્યાર્થીઓને એક વૃક્ષ અપાયું હતું. ઔષોધિય,છાયાદાર,ફલદાર વૃક્ષોનું વિતરણ કરાયું હતું.કુશ્કી પ્રાથમિક શાળા આચાર્ય રમેશભાઈ,શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. સુર્યા ફાઉન્ડેશન આદર્શ ગ્રામ યોજના, ગુજરાત, પ્રમુખ, મહિપતસિંહ સુથારએ જણાવ્યું હતું કે કોરોના મહામારીમાં ઓક્સિજનની લોકોને ખુબ જ જરૂર પડી હતી.ઓક્સિજનના અભાવના કારણે અનેક લોકોના મૃત્યું થયા હતા જો વૃક્ષો વાવીશું તો ઓક્સિજનની કમી નહીં રહે, ઓક્સિજન ભર્યું પ્રકૃતિમય વાતાવરણ, શુધ્ધ હવા મળી રહેશે, પ્રજાજનોની ઈમ્યુનિટી પાવર વધશે, ભયંકર બિમારીનો સામનો કરવા પ્રજાજનો સક્ષમ રહેશે તેમ જણાવ્યું હતું. પ્રકલ્પ અને વૃક્ષારોપણના મહાભિયાનને સાર્થક કરવા દરેક નાગરિકની જાગૃતિ પુર્ણ રીતે પોતાના ઘરે, ગામના મેદાનમાં, સ્કુલોમાં વૃક્ષો વાવી તેનું જતન કરવું જોઈએ.સુર્યા ફાઉન્ડેશન, અરવલ્લી જીલ્લા ઈન્ચાર્જ જયદીપ ઠાકોર જોડાયા હતા. સુર્યા ફાઉન્ડેશન અંતર્ગત વૃક્ષારોપણની પ્રવૃત્તીને સેવાભાવી નાગરિકો સાથે મળી વૃક્ષારોપણ કરશે અને અન્ય લોકોને પણ વૃક્ષારોપણ કરવા પ્રેરીત કરશે.

# અરવલ્લીની સસ્તા અનાજની દુકાનોમાં કેરોસીનનો ઓછો જથ્થો ફાળવાયો

## સાતમ-આઠમના તહેવારો પૂર્વે કેરોસીનનો કકળાટ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

અરવલ્લી જિલ્લાની સસ્તા અનાજની દુકાનોને તહેવારો સમયે પુરવઠા તંત્ર તરફથી નિયત મર્યાદામાં ફળવાતો કેરોસીનનો જથ્થો ૩૦ ટકા જેટલો ઓછો ફળવાતાં કેરોસીનનો કકળાટ શરુ થવાની સંભાવના છે. જિલ્લામાં ૨૦૦ થી પણ વધુ સસ્તા અનાજની દુકાનોમાં દર મહિને ૨૯,૨૩૨ બી.પી.એલ. અને ૬૨૫૮ અંત્યોદય કાર્ડધારકોને કેરોસીન વિતરણ થઈ રહ્યું છે પરંતુ હવે કેરોસીનમાં ૩ મહિનામાં ફરીથી ભાવ વધવાની સાથે જથ્થો ઓછો ફળવાતાં દુકાનદારો તેમજ કાર્ડધારકો વચ્ચે તડાફડી થવાના સંકેત છે.

રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં કેરોસીનના ડેપો ઉપરથી ફળવાતા કેરોસીનના જથ્થામાં કાપ મૂકવામાં આવ્યો છે. કયા કારણોસર કેરોસીન ઓછું ફળવાય છે તે ખુદ પુરવઠા વિભાગ સ્પષ્ટ કરી શક્યું નથી પરંતુ કેટલાક જિલ્લાઓમાં ૧૦૦ ટકા કેરોસીનના જથ્થા સામે ૬૦ થી ૭૦ ટકા જેટલો કેરોસીનનો જથ્થો આપવામાં આવતાં કકળાટ સામે આવ્યો છે. અરવલ્લી જિલ્લામાં પણ કેરોસીનની ઓછી ફાળવણી કરવામાં આવતાં રેશનીંગ કાર્ડધારકો સમસમી ઉઠ્યા છે. એક પછી એક તહેવારો શરૂ થતાં સરકાર દ્વારા વધારાનો રેશનીંગનો જથ્થો આપવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે ત્યાં હવે તહેવારો પૂર્વે કેરોસીન ફાળવણી મુદ્દે કમઠાણ સર્જાયું છે. જિલ્લામાં અગાઉ ૨,૫૬,૦૦૦ લીટર કેરોસીન સામે આ વખતે ૧,૭૮,૦૦૦ લીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો છે જેના કારણે સસ્તા અનાજની દુકાનોમાં પણ કાર્ડની સંખ્યા સામે કેરોસીનનો ઓછો જથ્થો ફાળવવામાં આવતાં ખુદ સસ્તા અનાજના દુકાનદારો પણ કેરોસીન વિતરણમાં મૂંઝવણ અનુભવી રહ્યા છે.

# મોડાસાની મેઘરજ બાયપાસ ચોકડી પાસે યુવતીની છેડતી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

મોડાસાની મેઘરજ બાયપાસ ચોકડી પાસે ગ્રામ્ય વિસ્તારમાંથી કોલેજમાં એડમીશન માટે નિકળેલી યુવતી શીણાવાડ સ્ટેન્ડ ઉપર ઉભી હતી જે સમયે મોડાસાના કુણોલના જીતેન્દ્ર ડાહ્યાભાઈ પરમારે હાથ પકડી પ્રેમ સબંધ બાંધવા માટે ખેંચતાણ કરતાં યુવતી સમસમી ઉઠી હતી. આ હકીકત પિતાએ જાણતાં યુવતી સાથે બાઈક ઉપર મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશને ફરિયાદ આપવા રવાના થયા તે સમયે પણ બેફામ રોમિયોએ પિતાની નજર સામે યુવતીનો હાથ ખેંચતાં એકત્ર થયેલા ટોળાએ ૧૦૦ નંબર ઉપર ડાયલ કરી પોલીસ બોલાવ્યા બાદ છેડતી કરનારને પોલીસ હવાલે કર્યો છે. બનાવ અંગે મોડાસા ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

**પોલીસ ફરિયાદ આપવા જતા પિતાની હાજરીમાં રોમિયોએ ફરી હાથ ખેંચ્યો : ૧૦૦ નંબર ડાયલ કરી ટોળાએ છેડતી કરનારને પોલીસ હવાલે કર્યો**

શૈક્ષણિક સંકુલો, કોલેજ શરૂ થતાં શૈક્ષણિક નગર મોડાસામાં આવારા તત્વો બેફામ બન્યા છે. શાળા-કોલેજમાં જતી યુવતીઓ સામે ચેનચાળા કરવાથી માંડી બસ મથકમાં યુવતીઓની આગળ-પાછળ ચક્કર લગાવનારાઓની સંખ્યા વધી છે. તાજેતરમાં મોડાસાના ગ્રામ્ય વિસ્તારની યુવતીને કોલેજમાં એડમીશન લેવાનું હોવાથી મોડાસા આવવા માટે નિકળી શીણાવાડ સ્ટેન્ડ ઉપર ઉભી હતી જે સમયે કુણોલના યુવાને છેડતી કરી, મારી નાખવાની ધમકી આપી હતી. છેડતીનો ભોગ બનનાર યુવતીએ ઘરે જઈ આ હકકીત જણાવતાં તા.૧૨ ના રોજ તેના પિતા મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશને ફરિયાદ આપવા માટે યુવતી સાથે ઘરેથી રવાના થયા હતા દરમ્યાન મોડાસાના સાયરા ગામની સીમમાં ખાનગી પેટ્રોલ પંપ સામે ઉભા હતા જે સમયે યુવકે ત્યાં આવી ફરીથી યુવતીનો હાથ ખેંચ્યો હતો. બાઈક લઈને યુવકે પિતા-પુત્રીનો પીછો કરી વાહનોની અવર જવરથી વ્યસ્ત માર્ગ ઉપર ખેંચતાણ કરતાં અન્ય લોકો દોડી આવ્યા હતા અને રોમીયોને પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો.

# મુડેટી એસ.આર.પી.ગ્રુપ-૬ ખાતે ૭૨માં વન મહોત્સવની ઉજવણી નિમિત્તે સાબરકાંઠા જીલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે

ઈડર તા.૧૧

ઈડર તાલુકાના મુડેટી ગામે આવેલ રાજ્ય અનામત પોલીસ દળ જુથ-૬ ખાતે તા ૧૪-૮-૨૧ ને શનિવારના રોજ ૭૨ મા વન મહોત્સવની સાબરકાંઠા જીલ્લા કક્ષાની ઉજવણીનો કાર્યક્રમ મહેસૂલ મંત્રી કૌશીકભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજાશે આ કાર્યક્રમમા સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, રાજ્યસભાના સાંસદ રમીલાબેનબારા,ઈડર ધારાસભ્ય હિતુભાઈ કનોડિયા,




ખેડબ્રહ્મા ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ, હિંમતનગર ધારાસભ્ય રાજેન્દ્રસિહ ચાવડા, પ્રાંતિજ ધારાસભ્ય ગજેન્દ્રસિહ પરમાર તથા વનવિભાગના નિયામક એ.કે.ઝા ગાંધીનગર તથા સાબરકાંઠા જીલ્લાના અધિકારીઓ પદાધિકારીઓ વનવિભાગના અધિકારીઓ એસ.આર.પી કેમ્પ ના સેનાપતિ અધિકારીઓ સહિત ગ્રામજનોની ઉપસ્થિતમા સરકાર શ્રી ની કોવિડ-૧૯ ની ગાઈડલાઈન મુજબ કાર્યક્રમ યોજાશે.

# કિશનગઢ નવચેતન હાઈસ્કુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ભિલોડા,તા.૧૩

ભિલોડા તાલુકાના કિશનગઢ ગામની નવચેતન હાઈસ્કુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.એન.એસ.એસ.યુનિટના ધોરણ.૧૨ ના વિદ્યાર્થીઓએ ૧૧ લીમડા વાવી હાઈસ્કુલને કાયમ માટે યાદગીરી રૂપે ઉછેરવાની ખાતરી આપી હતી.આચાર્ય એચ.એન.સિસોદીયાના માર્ગદર્શન હેઠળ હાઈસ્કુલના વિદ્યાર્થીઓએ ૨૦૦ વૃક્ષો વાવી વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.એન.એસ.એસ.યુનિટના પ્રોફેસર આઈ.જે.વાળંદ,કે.જે.પટેલ સહિત સ્ટાફ પરીવારે વૃક્ષોના જતન વિશે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

# મોડાસા M.Sc (CA&IT) કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળકયા



યુનિ. છઠ્ઠો
પટેલ હર્ષકુમા એમ.



યુનિ. અગીયારમો
શાહ પુજાબેન બી.

મોડાસા, તા. ૧૩

ધી મ.લા.ગાંધી ઉચ્ચર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ સ.જીષ (CA&IT) કોલેજના વિદ્યાર્થીઓ એ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ માર્ચ – જુન ૨૦૧૧ની સેમીસ્ટર – ૧૦ ના પરિણામમા પટેલ હર્ષકુમાર મુકેશભાઈ – યુનિ. છઠ્ઠો અને શાહ પુજાબેન ભરતકુમાર – યુનિ. અગીયારમો ક્રમાંક મેળવી યુનિવર્સિટી કક્ષાએ કોલેજ તથા મંડળનું ગૌરવ વધારેલ છે. આ સિદ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવિનચંદ્ર આર.મોદી તથા કોલેજના પ્રભારી મંત્રી શ્રી અરવિંદભાઈ જે.મોદી તથા કોલેજના આચાર્ય શ્રી પરિમલ એમ. શાહ અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ધારાસભ્ય જગદીશભાઈ પંચાલે ધનસુરા વિશ્વકર્મા મંદિર ખાતે દર્શન કર્યા



ધનસુરા, તા. ૧૩

અમદાવાદના ધારાસભ્ય જગદીશભાઈ પંચાલ એ ધનસુરા વિશ્વકર્મા મંદિર ખાતે દર્શન કર્યા હતા અને ધનસુરા વિશ્વકર્મા મંદિર ના બ્રહ્મલીન મહંત ના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત કથા નું આયોજન કરાયુ છે તેમાં ભાગ લીધો હતો ધનસુરા વિશ્વકર્મા મંદિર માં શ્રીમદ્ ભાગવત કથા નું આયોજન કરવામાં આવ્યું છે બ્રહ્મલીન મહંત ઈશ્વરદાસજી મહારાજ ના સ્મરણાર્થે શ્રીમદ્ ભાગવત કથા નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ધનસુરામાં થી મોટી સંખ્યામાં લોકો ભાગવત કથામાં આવી રહ્યા છે ત્યારે અમદાવાદના ધારાસભ્ય જગદીશભાઈ પંચાલ એ ધનસુરા વિશ્વકર્મા મંદિરે દર્શન કર્યા હતા ત્યારે રમેશભાઈ ગજ્જર, હિરેન પટેલ(ચેરમેન બાંધકામ સમિતિ અરવલ્લી જિલ્લા પંચાયત), દીપકભાઈ પંચાલ, અતુલભાઈ, ભરતભાઈ, નવનીત ભાઈ, કૃતાર્થ ભાઈ,રોનીતભાઈ ઉપસ્થિત રહ્યા હતા

# ધનસુરા પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા પોલીસ વડા દ્વારા વાર્ષિક કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવ્યું



ધનસુરા, તા. ૧૩

ધનસુરા પોલીસ સ્ટેશન ખાતે જિલ્લા પોલીસ વડા દ્વારા વાર્ષિક કામગીરીનું મૂલ્યાંકન કરવામાં આવેલ ત્યારે પોલીસે પરેડ યોજી સલામી આપી સ્વાગત કર્યુ હતું અરવલ્લી જિલ્લાના પોલીસ વડા સંજય ખરાતે ધનસુરા પોલીસ સ્ટેશનની કામગીરીનું વાર્ષિક મૂલ્યાંકન કર્યુ હતું ત્યારે ધનસુરા પોલીસ મથકમાં પી.એસ. આઈ ભરતસિંહ ચૌહાણ એ પોલીસ વડાને સલામી આપી હતી અને સૌ પોલીસ કર્મીઓએ પોલીસ વડાનું સ્વાગત કર્યુ હતું

# મોડાસા M.Sc (CA&IT) કોલેજના વિદ્યાર્થીઓ યુનિવર્સિટી પરીક્ષામાં ઝળકયા




યુનિ. પ્રથમ
પટેલ આદિત્ય એમ.



યુનિ. ચોથો
મિસ્ત્રી ક્રિષ્ણાબેન પી.



યુનિ. સાતમો
જોષી જહાનવી બી.



યુનિ. નવમો
પટેલ મીલી એચ.

મોડાસા, તા. ૧૩

ધી મ.લા.ગાંધી ઉચ્ચર કેળવણી મંડળ સંચાલિત અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની માન્યતા ધરાવતી મોડાસાની શ્રીમતી વિલાસબેન વ્રજમોહનભાઈ શાહ M.Sc (CA&IT) કોલેજના વિદ્યાર્થીઓ એ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ ઓકટો ડીસેમ્બર ૨૦૨૦ની સેમીસ્ટર – ૧ ના પરિણામમાં પટેલ આદિત્ય એમ. - યુનિ.પ્રથમ (કોલેજમાં પ્રથમ), મિસ્ત્રી ક્રિષ્ણાબેન પી. – યુનિ. ચોથો (કોલજમાં બીજો), જોષી જહાનવી બી. – યુનિ. સાતમો (કોલેજમાં ત્રીજો) અને પટેલ મીલી એચ. – યુનિ. નવમો (કોલેજમાં ચોથો) ક્રમાંક મેળવી યુનિવર્સિટી કક્ષાએ કોલેજ તથા મંડળનું ગૌરવ વધારેલ છે. આ સિધ્ધિ હાંસલ કરવા બદલ કોલેજ કેળવણી મંડળના પ્રમુખ શ્રી નવિનચંદ્ર આર.મોદી તથા કોલેજના પ્રભારી મંત્રી શ્રી અરવિંદભાઈ જે.મોદી તથા કોલેજના આચાર્ય શ્રી પરિમલ એમ. શાહ અને સ્ટાફ મિત્રોએ અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



હિયા અમિતકુમાર પંચાલ
ધનસુરા, જિ.અરવલ્લી



વૃંદ અમિતકુમાર પંચાલ
ધનસુરા, જિ.અરવલ્લી



ડૉ.અલ્પેશભાઈ એન. પટેલ
(મલ્હાર ચિલ્ડ્રન હોસ્પિટલ)
બાયડ, જિ.અરવલ્લી



હેમંત પટેલ
ગાબટ, તા.બાયડ



નયન ચૌધરી
કઠવાડા, તા.તલોદ



ડૉ.ભગીરથ પટેલ
(પ્રિન્સીપાલ : સારસા ફાર્મસી કોલેજ)
હઠીપુરા, તા.બાયડ



જગદીશભાઈ આર. શાહ
આકરૂન્દ (અમદાવાદ)



અમરીશ એસ. ભાટીયા
મોડાસા, જિ.અરવલ્લી